# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 31 ડિસેમ્બર સુધી યોજાનારા 15મા કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ કરાવ્યો.

2) **મુખ્યમંત્રીએ શરૂ કરાવેલા ‘મારી યોજના’ પૉર્ટલ પર 680થી વધુ સરકારી યોજનાઓની માહિતી મળી શકશે.**

3) રાજ્ય સહિત દેશભરમાં આજે વીર બાળ દિવસની ઉજવણી કરાશે.

4) **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણામાં દેશના પ્રથમ જિલ્લા સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન હબનું ઉદ્ઘાટન કર્યું.**

5) ગાંધીનગરના PDEU ખાતે સેમિ-કન્ડક્ટર તાલીમ કેન્દ્રમાં આગામી પાંચ વર્ષમાં એક હજાર યુવાનોને તાલીમ અપાશે.

6) **રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આજથી 2 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**

---

## AHMEDABAD KARNIVAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે ‘વિકસિત ગુજરાત, વિકસિત ભારત’ વિષયવસ્તુ સાથે 15મા કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ કરાવ્યો હતો.

દરમિયાન મુખ્યમંત્રીએ અંદાજે 868 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, "પહેલા કાંકરિયાની ઓળખ તળાવ કાંઠો, નગીનાવાડી, માછલી ઘર, બાળવાટિકા અને પ્રાણી સંગ્રહાલય એ જ હતી. આજે તળાવની કાયાપલટ કરીને કાંકરિયાને નગરોત્સવનું કેન્દ્રસ્થાન બનાવવાનો શ્રમયજ્ઞ શરૂ થયો છે."

(ઓડિયો : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરમિયાન અમદાવાદ મહાનગરપાલિકા શિક્ષણ બૉર્ડની શાળાના વિદ્યાર્થીઓએ નિયત સમયમાં સૌથી વધુ કેન્ડી ખાવાનો ગિનિસ બૂક ઑફ વર્લ્ડ રેકૉર્ડ પણ બનાવ્યો હતો.

---------------------------------------------------------------------

## AHMEDABAD *3* OFFICES AWARED

અમદાવાદમાં સુશાસન દિવસની ઊજવણી અંતર્ગત સ્વચ્છતા બાબતે જિલ્લાની ત્રણ કચેરીને જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે.ના હસ્તે પ્રશસ્તિપત્ર એનાયત કરાયા હતા.

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર, ICDSની કચેરીને બેસ્ટ કેટેગરી, ધોળકાની મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરીને ઇમર્જિંગ કેટેગરી અને નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીને એસ્પાયરિંગ કેટેગરીમાં સન્માનિત કરવામાં આવી હતી. પુરસ્કારની પસંદગી માટે આ ત્રણેય કચેરીઓની રેકર્ડ વર્ગીકરણની કાર્યવાહી, સાફસફાઈ, જાળવણી અને નિભાવણી સહિતની બાબતોને ધ્યાને લેવામાં આવી હતી.

---------------------------------------------------------------------

# MARI YOJNA PORTAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે રાજ્યના માહિતી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા મારી યોજના પૉર્ટલનો પ્રારંભ કરાવ્યો હતો. આ પૉર્ટલમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની 680થી વધુ યોજનાઓની માહિતી નાગરિકોને ઘરેબેઠાં મળી રહેશે. આ પૉર્ટલ થકી નાગરિકો કોઈ પણ કચેરીના ધક્કા ખાધા વગર, સમય વેડફ્યા વિના યોજનાઓની માહિતી સરળતાથી મેળવી શકશે.

ઉપરાંત શ્રી પટેલે ભારત સરકારના ડિજિટલ લર્નિંગ પ્લેટફૉર્મ i-GOT કર્મયોગી પૉર્ટલ પર ગુજરાતનું સ્ટેટ પેજ શરૂ કરાવ્યું હતું. રાજ્યના અધિકારી કર્મચારીઓને ગુજરાતી ભાષામાં તાલીમ મોડ્યૂલ મળી રહે તે માટે આ પેજ કાર્યરત્ થયું છે.

---

# Veer Bal Divas Program

રાજ્ય સહિત દેશભરમાં આજે વીર બાળ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. રાજ્યમાં બાળ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

**(voice cast Anil Patel- Veer Bal Divas)**

*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2022માં વીર બાળ દિવસ મનાવવાની જાહેરાત કરી હતી. શીખોના 10મા ગુરુ ગુરુ ગોબિંદ સિંઘના પુત્રો સાહિબજાદા જોરાવર સિંહ અને સાહિબજાદા ફતેહ સિંહના બલિદાનની યાદમાં દર વર્ષની 26મી ડિસેમ્બરે વીર બાળ દિન મનાવવામાં આવે છે.*

*ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ કક્ષાનો કાર્યક્રમ આજે સવારે દસ વાગ્યે અમદાવાદના થલતેજ પાસે આવેલ ગુરુદ્વારામાં યોજવામાં આવશે, જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સંગીત કીર્તન અને લંગરનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા કક્ષાના કાર્યક્રમોમાં બંને બાળકોએ આપેલ બલિદાન અને શૌર્યનું પ્રદર્શન યોજાશે તેમજ શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવશે.)*

------------------------------------------------------------------

## SURAT CHESS

સુરતમાં બાળકો મૉબાઈલ ફૉનથી દૂર રહે અને રચનાત્મક બને તે હેતુથી મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળા ખાતે ચેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં 350થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. હવે આગામી સમયમાં વિજેતા બાળકો અન્ય સ્પર્ધામાં ભાગ લેશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત આ શાળામાં સ્પર્ધા પહેલા વિદ્યાર્થીઓને ચેસ રમત અંગે તાલીમ આપી તેમને નિયમો સમજાવવામાં આવ્યા હતા.

------------------------------------------------------------------

## MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in /સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

---

## GANDHINAGAR MPACS

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં ડેરી અને મત્સ્યપાલન સહકારી મંડળીઓની સાથે 10 હજાર નવા સ્થપાયેલા એમ-પેક્સ એટલે કે, બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમની વર્ચ્યૂઅલ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સહકારી સંસ્થામાં બાકાત રહેલા દેશની પંચાયતો અને ગામોમાં આગામી પાંચ વર્ષમાં 2 લાખ બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ, ડેરી અને મત્સ્યપાલન સહકારી સંસ્થા કાર્યરત્ કરવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે. દરમિયાન વિવિધ લાભાર્થીઓને નોંધણીપત્ર અને ચેક વિતરણ કરાયા હતા.

---

## MEHSANA i HUB

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, સ્ટાર્ટ-અપ ઇકો સિસ્ટમમાં ભારત આજે ત્રીજા નંબરે છે. મહેસાણા ખાતે ગઈકાલે દેશના પ્રથમ જિલ્લા સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન હબ નમો આઈ-હબ સેન્ટરનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું, જિલ્લાસ્તરે દેશમાં મહેસાણા નમો આઈ હબ સેન્ટર પ્રતિભાઓનું પથદર્શક બનશે. મહેસાણા દેશના 783 જિલ્લા માટે પ્રેરણાશક્તિ બનશે.

(ઓડિયો : ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

-----------------------------------------------------------------------

## SEMI CONDUCTOR TRAINING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરની પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી- PDEU ખાતે ગુજરાત સેમિ-કન્ડક્ટર પૉલિસી હેઠળ સેમિ-કન્ડક્ટર તાલીમ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. આ કેન્દ્ર ATMP એટલે કે, એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કેટિંગ, પેકેજિંગ, ટ્રેનિંગ સેન્ટર આગામી પાંચ વર્ષમાં એક હજાર યુવાનોને સેમિ-કન્ડક્ટર ક્ષેત્રની તાલીમ અપાશે.

ઉલ્લેખનીય છે કે, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતી નિમિત્તે ગઈકાલે ઉજવાયેલા સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દરમિયાન શ્રી પટેલે ગાંધીનગરથી મારી યોજના, સ્વાગતના બીજા તબક્કા ઑટો એસ્કલેશન મેટ્રીક્સ, સ્વાગત મૉબાઈલ એપ, ભારત નેટ બીજા તબક્કા, આઈ-ગૉટ પૉર્ટલમાં સ્ટેટ પેજ, જનસેવા કેન્દ્ર, ડ્રોન પાઈલોટ ટ્રેનિંગ, કનેક્ટ ગુજરાત જેવા પ્રકલ્પોનો પ્રારંભ કરાવ્યો હતો.

-----------------------------------------------------------------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજથી 2 દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

જ્યારે શનિવાર અને રવિવારે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્ય વરસાદની સંભાવના છે.

વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું નવ ડિગ્રી લઘુત્તમ તાપમાન કચ્છના નલિયા અને જુનાગઢના કેશોદમાં નોંધાયું હતું. જ્યારે અમરેલી અને રાજકોટમાં 10-10, ભુજમાં 11, કંડલા હવાઈમથક પર 12, ભાવનગર, સુરેન્દ્રનગર અને મહુવામાં 13-13 ડિગ્રી તેમજ અમદાવાદમાં 15 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------

## GUJ. UNIVERSITY SHIZUOKA MOU

અમદાવાદમાં આવેલી ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જાપાનની કંપનીઓમાં તાલીમ મેળવી ઈન્ટર્નશીપ કરી શકશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જાપાનની શિઝૂઓકા પ્રિફેકચરના પ્રતિનિધિ મંડળે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત દરમિયાન સમજૂતી કરાર કર્યા હતા.

શિઝૂઓકાની અર્થવ્યવસ્થા અને ઔદ્યોગિક ક્ષેત્રમાં કરાયેલા આ કરાર થકી આગામી પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જાપાનની કંપનીઓમાં તાલીમ મેળવી શકશે. તેમજ વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન ઈન્ટર્નશીપ પણ કરી શકશે.

જ્યારે શિઝૂઓકાના પ્રિફેક્ચરના વિદ્યાર્થીઓ પણ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરી શકશે. વિદ્યાર્થીઓ કૃત્રિમ બુદ્ધિમત્તા- AI, હેરિટેજ મેનેજમેન્ટ, ફિનટેક સહિતના અભ્યાસક્રમોની પણ તાલીમ લેશે.

---------------------------------------------------------------------